# વિદ્યાર્થી સ્વપ્નશીલ હોવો જોઇએ.....

મનોવિજ્ઞાન કહે છે કે, સ્વપ્ન એ વ્યક્તિની ઇચ્છાને સંતોષ આપતી માનસિક અવસ્થા છે. આમ પણ દરેક વ્યક્તિની એક અદમ્ય ઝંખના સંતોષની જ હોય છે. તો એ રીતે વ્યક્તિ સ્વપ્ન જૂએ તેમાં કશું જ ખોટું તો નથી જ, પણ તેના વિકાસ માટે અત્યંત જરૂરી પણ છે. સંતોષી નર સદા સુખીના બદલે સ્વપ્નશીલ નર સદા સુખી કહેવું પણ એટલું જ સાચું લાગે છે.

યુવાનોને કુદરત તરફથી મળેલી અનેક બક્ષીસમાંની એક બક્ષીસ એટલે તેનાં સ્વપ્નો. કારણ કે જેની પાસે સ્વપ્નો છે તે કયારેય કોઇ પણ બાબતમાં ગરીબ હોતો નથી. વ્યક્તિ પાસે કશું જ નહોય તો પણ સ્વપ્નાઓ તેની પાસે દુનિયાભરની સંપત્તિ પળવારમાં હાજર કરી દે છે. સ્વપ્ના તો જાદુઇ ચિરાગ છે. તમે ઇચ્છો ત્યારે અને તેનાં સ્વપ્ના જોઇ શકો છો.

સ્વપ્નાઓ જ વ્યકિતનો માર્ગ-લક્ષ્ય નક્કી કરે છે. આ રીતે જોતાં વ્યક્તિના ઘડતર અને ચણતર માટે સ્વપ્ના તો પાયા જેવા છે. સ્વપ્ના જ વ્યકિતને દોરે છે, માર્ગ બતાવે છે, માર્ગ બદલાવે છે, કાર્યની પ્રેરણા આપે છે તો વળી અમુક કાર્યો પર નિયંત્રણ પણ લાવે છે. સ્વપ્ના વ્યકિતની નિયતિ અને સ્વભાવ પણ બદલે છે. સ્વપ્ના તો જીવનરૂપી નૌકાનું સુકાન સંભાળે છે. જેવાં સ્વપ્ના તેવી નીતિ અને રીતિ.

વિદ્યાર્થી અવસ્થા એ દરેક વ્યક્તિના જીવનનો વિકાસનો પંથ નક્કી કરનારી અવસ્થા કહી શકાય. વિદ્યાર્થી અવસ્થામાં દરેક વિદ્યાર્થીએ પોતાના જીવન માટેના સ્વપ્ના જોવાના છે અને તે પ્રમાણેના લક્ષ્યને ધ્યાનમાં રાખી આગળ વધવાનું છે. આ માટે દરેક વિદ્યાર્થીએ પોતાની જાત પર પૂરો ભરોસો રાખી નાના નાના સ્વપ્ના જોવાની શરૂઆત કરવી જ જોઇએ. એટલું જ નહીં દરેક વાલીએ પોતાના બાળકને સપનાઓ જોતાં શીખવવું જોઇએ, તેના સ્વપ્નોનો સ્વીકાર પણ કરવો જોઇએ તથા તેના સ્વપ્નો વાસ્તવિકતામાં પરિણમે તે માટે સગવડતા પણ ઊભી કરી આપવી જોઇએ. વિદ્યાર્થી જેટલો ચારિત્ર્યશીલ હોવો જોઇએ તેટલો જ સ્વપ્નશીલ પણ હોવો જોઇએ.

કેટલાંક મિત્રો ઘણીવાર સૂચનો કરતા હોય છે કે, ભાઇ! સ્વપ્નામાં ના રાચીશ. પણ હું તો કહીશ કે, ભાઇ સ્વપ્ના સેવો. સ્વપ્ના સેવશો તો જ તમને આગળ વધવાની દિશા અને પ્રેરણા મળશે. સ્વપ્નનું "સેવન" કરવું એટલે જેમ કોઇ પક્ષી પોતાના ઈંડાની પૂરી નજાકતાથી માવજત કરે છે તેમ તમારે પણ તમારા સ્વપ્નાની પૂરી નજાકતાથી માવજત કરવાની છે. સ્વપ્નાને તૂટવા નથી દેવાના. વિદ્યાર્થી અવસ્થામાં તમે વર્ગમાં પ્રથમ નંબર લાવવાનું, હરિફાઇમાં મોખરાનું સ્થાન મેળવવાનું, મા-બાપની ઇચ્છા પૂર્ણ કરવાનું, પોતાના સહઅધ્યાયી કરતાં કોઇ ચોક્કસ બાબતમાં અલગ પડવાનું, શાળામાં પ્રીતિપાત્ર બનવાનું, વર્ગપ્રતિનિધિ બનવાનું, કોઇ સ્પર્ધામાં વિજેતા બનવાનું જેવાં અનેક સ્વપ્ના સેવી શકો છો. જો સ્વપ્ના સેવેલા હશે તો તેને પૂર્ણ કરવા માટે તમારા પ્રયત્નો પણ શરૂ થશે. તમે દિવસ રાત એક કરીને અભ્યાસ કરશો. પુનરાર્વતન કરશો. ખોટો સમય નહીં બગાડો. તમે નક્કી કરેલા કાર્યને પહોંચી વળવા માર્ગદર્શન લેશો. ટૂંકમાં અર્જૂને જોયેલી પક્ષીની માત્ર આંખની જેમ તમને તમારું ધ્યેય-લક્ષ્ય જ દેખાશે. તેને પ્રાપ્ત કરવા માટે જ તમે સતત પ્રયત્નશીલ રહેશો. આ પ્રયત્નો જ તમને સફળતા

અપાવશે. આ બધા સપના અપના હોય તો જ મજા આવે. વિચારશીલ વ્યક્તિ સ્વપ્નશીલ બની શકે અને સ્વપ્નશીલ વ્યકિત ચિંતનશીલ બની જતી હોય છે. આ ચિંતન અને સ્વપ્નાની ચિંતાં જ તમને તમારા ધ્યેય સુધી મુકવા આવશે. માટે જ તમારા વ્યક્તિત્વમાં સ્વપ્ના ખીચોખીચ ભરેલાં હોવાં જોઇએ. સ્વપ્નોને અધૂરા છોડવા તે સાચા વિદ્યાર્થીની વૃત્તિ નથી અને સ્વપ્નોમાં રાચવું તે વિદ્યાર્થીઓનો અબાધિત અધિકાર છે. વિદ્યાર્થીઓ માટે સ્વપ્નએ તો શક્તિ અને ધગશનું પ્રેરણા રૂપી ઝરણું છે. બાહ્ય પ્રેરણા કરતાં આંતરિક પ્રેરણા વ્યક્તિને વધારે ઉત્સાહિત બનાવે છે. ઉત્સાહ એ તો વિદ્યાર્થીનું ઘરેણું છે. સ્વપ્ન એ તો સ્વવિકાસ માટેના અનેક પગથિયાંમાંનું એક પગથિયું છે.

સ્વપ્નશીલ "સપનોના સૌદાગર" બને એ પણ ખોટું નથી જ. તેમાં પણ વ્યકિંત અને શિક્ષણનું હિત સમાયેલું છે. સારા વિદ્યાર્થીના સ્વપ્નામાંથી પ્રેરણા લઇ શકાય. સારો વિદ્યાર્થી પોતાના સ્વપ્નાનો સૌદાગર બનશે તો વળી તેને નવા જ પ્રકારની પ્રેરણા પ્રાપ્ત થશે. વિદ્યાર્થી જો સપનોં કા મહેલ બાંધશે તો જ પોતાની ઝૂંપડીમાંથી બહાર નીકળી શકશે. બીજાના મહેલ તરફ દૃષ્ટિ નાંખશે અને તેવો જ મહેલ બનાવવાની ઝંખના સાથે જ પોતાની જાતને તૈયાર કરશે.

સ્વપ્ના રાતે નિંદરમાં જ જોવાય એવું નથી, ચાલતા ચાલતા પણ જોઇ શકાય. દિવસે પણ સ્વપ્ના જોતા વિદ્યાર્થીને ઝાઝી સફળતા ઝટ મળશે. દિવસના સ્વપ્નામાં વધુ વાસ્તવિકતા હોવાની શક્યતા છે. દરેક વિદ્યાર્થી અને વ્યકિતએ એક બાબતની નોંધ લેવાની છે કે, ઇતિહાસ એ સ્વપ્નશીલોની કથા છે.

આમ છતાં એક બાબત દરેક વિદ્યાર્થી અને વાલીએ ધ્યાનમાં રાખવાની છે કે, સ્વપ્ના ભલે હજારો આવતાં હોય, પણ તેને પૂરા કરવાની શરૂઆત કરવામાં આવે ત્યારે કેટલીક વાસ્તવિકતાનો સ્વીકાર કરવો જોઇએ. દરેકે પોતાની શક્તિ મુજબ શરૂઆતમાં સ્વપ્નોની પસંદગી કરવી. પછી સાહસ કરવામાં વાંધો નહીં આવે. આમછતાં પોતાની શક્તિ નથી કે આ મારાથી નહીં જ થાય તેમ માનીને બેસી રહેશો તો ક્યારેય વિકાસ નહીં સાધી શકાય. અહીં જ સ્વપ્નાઓ ઉપયોગી થઇ પડે છે. જે વ્યકિતને નવા કાર્ય માટે પ્રેરે છે. હિંમત આપે છે. સ્વપ્ના એવાં હોવા જોઇએ કે જે સમાજ માન્ય હોય અને પોતાના જીવનને વિકાસના પંથે લઈ જાય.

અયોગ્ય સ્વપ્નો સેવવાં એ જેટલાં પ્રમાણમાં જોખમરૂપ છે, તેટલા જ પ્રમાણમાં વિદ્યાર્થીકાળમાં સ્વપ્નો ન જોવાં એ પણ જોખમરૂપ છે. સ્વપ્નશીલ વિદ્યાર્થી જ ચિંતનશીલ અને પ્રયત્નશીલ બની શકે છે. આ ચિંતન અને પ્રયત્ન જ વિદ્યાર્થીને સફળતા બક્ષે છે. માટે જ ગાઇ વગાડીને કહી શકાય કે, વિદ્યાર્થી સ્વપ્નશીલ હોવો જોઇએ.